# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 24-03-2026 Day: Tuesday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## PM-લોકસભા-ઉર્જા કટોકટી નથી:

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષ છતાં, ભારતમાં કોઈ ઉર્જા સુરક્ષા કટોકટી નથી. શ્રી મોદીએ ગઈકાલે લોકસભામાં પશ્ચિમ એશિયાના સંઘર્ષ પર નિવેદન આપ્યું. આ મુદ્દા પર ભારતની સ્થિતિ સ્પષ્ટ કરતા શ્રી મોદીએ જણાવ્યું હતું કે સમગ્ર દેશમાં પેટ્રોલ અને ડીઝલનો પુરવઠો સરળતાથી ચાલુ રહે છે.**

**(BYTE :** MODI-ON-PETROLEUM-RESERVES)

**શ્રી મોદીએ જણાવ્યું હતું કે યુદ્ધની વૈશ્વિક અસર થોડા સમય માટે રહી શકે છે. તેમણે દેશને આ માટે તૈયાર રહેવા વિનંતી કરી. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે દેશ આ પડકારનો સફળતાપૂર્વક સામનો કરશે, જેમ દેશે કોવિડ-19 દરમિયાન કર્યું હતું.**

**-----------------------------------------------------------------------------------------**

## અન્ન નાગરિક પુરવઠા વિભાગ પેટ્રોલ-ડિઝલનો જથ્થો ઉપલબ્ધ:

ગુજરાત સરકારના અન્ન નાગરિક પુરવઠા વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી મોના ખંધારે જણાવ્યું છે કે , રાજ્યમાં પેટ્રોલ અને ડિઝલની કોઈ તંગી નથી. તેમણે કહ્યું કે, રાજ્ય પાસે પેટ્રોલ –ડિઝલનો પૂરતો જથ્થો ઉપ્લબ્ધ છે તેમ જ બફર સ્ટોક પણ ઉપ્લબ્ધ છે.

(બાઈટ – શ્રી મોના ખંધાર, અધિક મુખ્ય સચિવ, અન્ન-નાગરિક પુરવઠા વિભાગ, ગુજરાત સરકાર)

**-----------------------------------------------------------------------------------------**

## નાયબ મુખ્યમંત્રી-અફવા પર ધ્યાન ન આપવા:

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ પેટ્રોલ ડીઝલ મામલે કોઈપણ અફવાઓ પર ધ્યાન ન આપવા નાગરિકોને અપીલ કરી છે. આજે ગાંધીનગર ખાતે ઉચ્ચસ્તરીય બેઠકમાં પેટ્રોલ-ડીઝલ અને ગેસ પુરવઠાની સમીક્ષા કર્યા બાદ શ્રી સંઘવીએ કહ્યું, રાજ્ય સરકાર કેન્દ્ર સરકારના સતત સંપર્કમાં છે. તેમણે ઉમેર્યું, પેટ્રોલ પંપ સંચાલકો જો કાળાબજારી કરતા જણાશે તો કડક કાર્યવાહી કરવા સૂચના અપાઈ છે.

---

## ચુંટણીપંચ-સ્થાનિક સ્વરાજ્યની ચુંટણી માટે વર્ચ્યુલ માર્ગદર્શન:

રાજયના ચૂંટણી પંચ દ્વારા રાજયભરના ચૂંટણી અધિકારીઓ સાથે વર્ચ્યુઅલ માધ્યમથી સ્થાનિક સ્વરાજની ચૂંટણી અંગે જરૂરી માર્ગદર્શન પુરૂ પાડયું હતું. આ દરમિયાન પાટણ ,રાજકોટ જિલ્લા પંચાયત અને ગોંડલ નગરપાલિકાની ચૂંટણીની પ્રાથમિક મતદાર યાદી પ્રસિદ્ધિ ગઈકાલે જાહેર કરવામાં આવી છે.

---

## CM-સ્વાગત કાર્યક્રમ:

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ નાગરિકોની રજૂઆતો-ફરિયાદોના ઓનલાઈન નિવારણનો માર્ચ મહિનાનો ‘રાજ્ય સ્વાગત’ કાર્યક્રમ 26મી માર્ચને બદલે 25મી માર્ચ, બુધવારે યોજાશે.નાગરિકો આ સ્વાગત કાર્યક્રમ માટેની રજૂઆતો આવતીકાલે સવારે 8 થી 11 કલાક દરમિયાન મુખ્યમંત્રીના જનસંપર્ક એકમ, સ્વર્ણિમ સંકુલ-2, ગાંધીનગર ખાતે રૂબરૂ આવીને કરી શકશે. મુખ્યમંત્રી બપોર બાદ આ રાજ્ય સ્વાગતમાં પ્રત્યક્ષ ઉપસ્થિત રહીને નાગરિકોની રજૂઆતો સાંભળશે.

---

# જિલ્લામાં અફવાને પગલે પેટ્રોલપંપ પર લાંબી કતારો:

પશ્ચિમ એશિયાના સંઘર્ષની સંભવિત અસરના ભય હેઠળ પટ્રોલ અને ડિઝલનો પુરવઠો અવરોધિત થયો હોવાને પગલે રાજ્યના કેટલાક વિસ્તારો બાદ જિલ્લાના ભુજ, ગાંધીધામ,માંડવી,મુંદરા,નખત્રાણા,રાપર અને છેક દયાપર સુધી પેટ્રોલ ડિઝલ ભરાવવા વાહનોની લાંબી કતારો જોવા મળી. દરમ્યાન જિલ્લા પુરવઠા અધિકારી અર્શ હાશ્મીએ જણાવ્યુ હતું કે સ્થિતિ ગંભીર નથી.અમે ક્યાં કેટલો જથ્થો છે તેની આકારણી શરૂ કરી છે. ગઈકાલે બપોર બાદ જિલ્લા મથક ભુજ સહિત સમગ્ર જિલ્લામાં વહેતી થયેલી અફવાઓને પગલે પેટ્રોલપંપો પર લાઈન લાગવા શરૂ થયુ હતું જેને પગલે અનેક પેટોલપંપ સંચાલકો પણ મુઝવણમાં મુકાયા હતા ત્યારે પુરવઠાતંત્ર અને પેટ્રોલપંપ સંચાલકો કહે છે કે જથ્થો પુરતો છે, જેથી અફવાનો ભોગ ન બનવા અને અવ્યવસ્થા ન સર્જાય તે માટે નાગરિકોને અનુરોધ કરાયો છે.

---------------------------------------------------------------------------------------------

# રાજ્યમાં ફરી માવઠાની આગાહી:

રાજ્યમાં ફરી માવઠાની આગાહી હવામાન નિષ્ણાંતો કરી રહ્યા છે. અરબી સમુદ્ર તરફથી આવતા પવનો અને વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની સક્રિયતાને કારણે રાજયના વાતાવરણમાં પલટો સર્જાઈ શકે છે.

---------------------------------------------------------------------------------------------